તા.૨૯/૦૬/૨૦૨૧ ના રોજ સવારે ૧૧:૩૦ કલાકે મળેલ સામાન્ય સભાની કાર્યનોંધ સભામાં હાજર રહેલા સભ્યશ્રીઓ

| અ.નં. | સભ્યશ્રીઓના નામ | હોદ્દો |
|---|---|---|
| ૧ | પટેલ કિન્નરીબેન અમિષભાઈ | પ્રમુખ |
| ૨ | ભંડારી કિરણભાઈ પરભુભાઈ | ઉપપ્રમુખ |
| ૩ | પટેલ છાયાબેન ઉમેશભાઈ | કારોબારી ચેરમેન |
| ૪ | ટંડેલ નિમિષાબેન ગીરીશભાઈ | સભ્ય |
| ૫ | પાનવાલા વર્ષાબેન અમિતકુમાર | સભ્ય |
| ૬ | પટેલ ઉર્વશીબેન રાજેશભાઈ | સભ્ય |
| ૭ | રાણા હિતેશભાઈ સુરેશભાઈ | સભ્ય |
| ૮ | વાડીવાલા મહેન્દ્રભાઈ ભગુભાઈ | સભ્ય |
| ૯ | દેસાઇ ગીરીશભાઈ ભગવાનજીભાઈ | સભ્ય |
| ૧૦ | ઠાકોર કમળાબેન અવધેશકુમાર | સભ્ય |
| ૧૧ | ચૌહાણ સંજય દશરથરાવ | સભ્ય |
| ૧૨ | પટેલ મનીષાબેન વિજય | સભ્ય |
| ૧૩ | ભાનુશાલી કલ્પના રાજેશભાઈ | સભ્ય |
| ૧૪ | પટેલ ભારતીબેન મનોજભાઈ | સભ્ય |
| ૧૫ | સોલંકી સોનલ તેજશભાઈ | સભ્ય |
| ૧૬ | શેખ નઝમા અમીર | સભ્ય |
| ૧૭ | પટેલ રમેશભાઈ મંગળદાસ | સભ્ય |
| ૧૮ | કાઝી ઈમત્યાઝુદીન મીયાંમોહમ્મદ | સભ્ય |
| ૧૯ | દેસાઇ ઉર્મિ આશિષકુમાર | સભ્ય |
| ૨૦ | પટેલ જેસ્ટીકાબેન દર્શનભાઈ | સભ્ય |
| ૨૧ | પટેલ ધર્મેશભાઈ અરવિંદભાઈ | સભ્ય |
| ૨૨ | આહિર પંકજભાઈ ઠાકોરભાઈ | સભ્ય |
| ૨૩ | આહીર રૂષિકાકુમારી પ્રિયંકકુમાર | સભ્ય |
| ૨૪ | ઓઝા ડૉ.પુષ્પાબેન રામજોર | સભ્ય |
| ૨૫ | પટેલ ભરતભાઈ છોટુભાઈ | સભ્ય |
| ૨૬ | વશી નિતેશભાઈ મહાદેવભાઈ | સભ્ય |
| ૨૭ | પટેલ સોનલબેન કિશોરભાઈ | સભ્ય |
| ૨૮ | પટેલ ધર્મેશભાઈ અરૂણભાઈ | સભ્ય |
| ૨૯ | પટેલ પ્રવિણભાઈ સોમાભાઈ (પપ્પુ ) | સભ્ય |
| ૩૦ | પટેલ હેતલકુમારી જયેશભાઈ | સભ્ય |
| ૩૧ | પટેલ પ્રવિણાબેન સુનિલભાઈ | સભ્ય |
| ૩૨ | પઠાણ મહેબુબ ગુલશેરખાન | સભ્ય |
| ૩૩ | મહાકાલ રવિન્દ્રભાઈ રામચંદ્રભાઈ | સભ્ય |

સભાની શરૂઆત વંદેમાતરમ થી કરવામાં આવી...

પ્રમુખશ્રીએ જણાવ્યું કે આજની આ સભામાં ઉપસ્થિત સૌ મારા સાથી સભ્યશ્રીઓ તેમજ ચીફ ઓફિસરશ્રી વસાવા સાહેબ , અધિકારીશ્રી , કર્મચારીશ્રીઓ. , પત્રકાર મિત્રો , ઈલેક્ટ્રોનિક મીડીયાના મિત્રો , નગરજનોને સૌને આવકારું છું.

હાલમાં કોરોનાની વૈશ્વિક માહામારીમાં કોરોનાના વરીયસ તરીકે તમામે સારી કામગીરી કરી છે જેમાં ખાસ કરીને ડોક્ટર,નર્સિંગ સ્ટાફ તેમજ તમામ અધિકારી, કર્મચારીઓ, સફાઈકામદારો સૌએ વિશિષ્ટ કામગીરી કરી છે તે સૌ પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરુ છું. સાથોસાથ આ કામગીરી સાથે ઘણાએ પોતાના જીવ તેમજ સગા-વ્હાલાઓ ગુમાવ્યા છે. તેવા સંજોગોમાં આજની સામાન્ય સભામાં સ્વર્ગસ્થશ્રીઓ....

વલસાડ નગરપાલિકાના સભ્યશ્રી રાજેશભાઈ દશરથભાઈ રાઠોડ તેમજ નગરપાલિકાના કર્મચારીશ્રીઓ આશિફ આઈ. શેખ – વાયરમેન લાઇટ શાખા, મુકેશભાઈ એમ. રાણા – ક્લાર્ક-ભાડા વસુલાત શાખા, જયંતિભાઈ એમ. પવાર –પટાવાળા- લાઈબ્રેરી , પ્રકાશભાઈ ઇશ્વરભાઇ રાઠોડ – મજુર – વારિગૃહ શાખા , પ્રવીણભાઈ છનીયાભાઈ – ઝાડુવાળા (કામદાર) –આરોગ્ય શાખા, ધનસુખભાઈ હરીભાઈ - ઝાડુવાળા (કામદાર) – આરોગ્ય શાખા, ગુરીયાભાઇ બી. રાઠોડ - ઝાડુવાળા (કામદાર) –આરોગ્ય શાખા તેમજ નામી-અનામી સૌ સ્વર્ગસ્થ તમામની આ તબક્કે નોંધ લઈ તેઓશ્રીની આત્માને શાંતિ મળે તે માટે શ્રંધ્ધાજલી આપી અને સૌએ ૨(બે) મિનિટનું મૌન પાડયું,

હાલમાં કોરોનાની વૈશ્વિક માહામારીમાં કોરોનાના વરીયસ તરીકે ડોક્ટર , નર્સિંગ સ્ટાફ તેમજ તમામ અધિકારી, કર્મચારીઓ, સફાઈકામદારો સૌએ વિશિષ્ટ કામગીરી કરી છે. સૌની સેવા બદલ સાથી સભ્યશ્રીઓ વતી આભાર માનું છું. તેમજ સભ્યશ્રી રાજુભાઇ રાઠોડની તબીબી સારવારમાં દરેકે જે સહાય કરી છે. તેમાં શાસકપક્ષ , વિપક્ષ અને સભ્યશ્રીઓએ સેવા પૂરી પાડી છે એ સૌનો આભાર માનું છું. સાથોસાથ મ્યુનિસિપલ હોસ્પીટલમાં રીલાયન્સ ફાઉન્ડેશન દ્રારા માતબર રકમ ફાળવી સોનલબેન સોલંકીના પ્રયત્નોથી ઓક્સિજન પ્લાન્ટ મળ્યો તે માટે સોનલબેન સોલંકીનો આભાર માનીએ છીએ , તેમજ ૫૧(૩) હેઠળ હાલમાં મળેલ અરજીઓ આગામી સામાન્ય સભામાં લેવામાં આવશે. તેમજ અગાઉના મુલતવી રાખેલ કામોની માહિતી સબંધિત શાખા દ્વારા રજૂ કરી.

સભ્યશ્રી મહેબૂબ ગુલશેરખાન પઠાણે અબ્રામા- મોગરાવાદી વિસ્તારમાં જી.યુ.ડી.સી. ધ્વારા થતાં કામોથી રસ્તાઓને નુકશાન થયેલ છે, અને જે તે વખતે રસ્તા ઉપર યોગ્ય મેટલિંગ અને વોટરિંગ કામ ન થવાથી ખાડાઓ પડી ગયેલ છે. સદર નુકશાની અંગેનો ખર્ચ એજન્સી પાસેથી વસૂલ કરવા પત્ર લખવા જણાવ્યુ.

સભામાં સભ્યશ્રી નિતેશભાઈ વશી , મહેબૂબ ગુલશેરખાન પઠાણ , ઉર્વશીબેન પટેલ , સોનલબેન પટેલ, ગીરીશભાઈ દેસાઈ તમામ દ્વારા વહીવટી તથા પોતાના વોર્ડ વિસ્તારના શહેરના હિતના પ્રશ્નોની વિગેરે બાબતોની રજૂઆત કરી જેની નોંધ લેવામાં આવી.

પ્રમુખશ્રી : એજન્ડાના કામો શરૂ કરવા જણાવ્યુ.

કામ નં. – ૦૧

વિષય : તા.:૧૫/૦૩/૨૦૨૧ ના રોજ મળેલ સમગ્ર સભાની કાર્યનોંધ વંચાયેલી ગણી મંજૂર કરવા બાબત..

દ.મુ. છાયાબેન ઉમેશભાઈ પટેલ

ટે. આ. કિરણભાઈ પરભુભાઈ ભંડારી

સભામાં સભ્યશ્રી નિતેશભાઈ વશી , મહેબૂબ ગુલશેરખાન પઠાણ , ઉર્વશીબેન પટેલ , સોનલબેન પટેલ , ગીરીશભાઈ દેસાઇ તમામ દ્વારા વહીવટી તથા પોતાના વોર્ડ વિસ્તારના શહેરના હિતના પ્રશ્નોની વિગેરે બાબતોની રજૂઆત કરી જેની નોંધ લેવામાં આવી.

પ્રમુખશ્રીએ જણાવ્યું કે તા.૧૫/૦૩/૨૦૨૧ ના રોજ મળેલ સમગ્ર સભાની કાર્યનોંધ દરેક સભ્યશ્રીઓએ વંચાણે લેવાં આપવામાં આવેલ છે.

સભ્યશ્રી સોનલબેન પટેલ અને ઉર્વશીબેન પટેલએ સદર કામમાં પોતાનો વાંધો નોંધાવ્યો.

સભ્યશ્રી કાઝી ઈમત્યાઝુદીન મીયાંમોહમ્મદ ગયા.

ઠરાવ :-

તા. ૧૫/૦૩/૨૦૨૧ ના રોજ મળેલ સમગ્ર સભાની કાર્યનોંધ દરેક સભ્યશ્રીઓને આપવામાં આવેલ છે. જે વંચાયેલ ગણી ઉપરોક્ત રજૂ કરેલ સભ્યશ્રીઓની આવેલ રજુઆતોની નોંધ લઈ મંજૂર કરવાનું ઠરાવવામાં આવે છે.

બ.મ.મંજુર.

કામ નં. – ૦૨

વિષય : તા.૧૯/૦૪/૨૦૨૧ ની કારોબારી સમિતિની ભલામણ મુજબ આરોગ્ય શાખા ધ્વારા સ્વચ્છ ભારત મિશન અંતગર્ત નગરપાલિકાના હદ વિસ્તારમાં આવેલ નગરપાલિકાના માલિકીના કુલ – ૧૧ પે એન્ડ યુઝ શૌચાલય માટેના સ્ટ્રક્ચરલ ઓડિટ રિપોર્ટ **ODF++** માં જોડવાના હોવાથી આ સ્ટ્રક્ચરલ ઓડિટ રિપોર્ટ ઠક્કર અંકિત સ્ટ્રક્ચરલ કન્સલ્ટન્ટ એન્ડ ચાર્ટડ એન્જીનીયર,વલસાડનું આવેલ બીલ રૂ**|.** ૨૪૭૫૦**/-** નું ચુકવણું કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત.

દ.મુ. છાયાબેન ઉમેશભાઈ પટેલ
ટે. આ. ઉર્મિબેન આશિષકુમાર દેસાઇ

ઠરાવ :-

કા.સ. ઠ.નં.- ૦૪/તા-૧૯-૦૪-૨૦૨૧ની ભલામણ મુજબ , આરોગ્ય શાખા ધ્વારા સ્વચ્છ ભારત મિશન અંતર્ગત નગરપાલિકાના હદ વિસ્તારમાં આવેલ નગરપાલિકાના માલિકીના કુલ - ૧૧ પે એન્ડ યુઝ શૌચાલય માટેના સ્ટ્રકચલ ઓડીટ રિપોર્ટ ODF++ માં જોડવાના હોવાથી આ સ્ટ્રકચલ ઓડીટ રીપોર્ટ , ઠક્કર અંકિત સ્ટ્રકચલ કન્સલટન્ટ એન્ડ ચાર્ટડ એન્જીનીયર પાસે કરાવડાવેલ. જેનું કરાવેલ કામગીરીનું આવેલ બીલ NO.NDTC C-54/2020/ તા.:૧૨/૧૨/૨૦૨૦ રૂ|. ૨૪૭૫૦/- અંકે રૂ|. ચોવીસ હજાર, સાતસો પચાસ પુરાનું ચુકવણું કરવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર.

કામ નં. – ૦૩

વિષય : તા.૧૯/૦૪/૨૦૨૧ ની કારોબારી સમિતિની ભલામણ મુજબ **વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં આખરી નગર રચના યોજના નં.- ૧ (મલાવ ટેન્ક વિસ્તાર) માં આવેલ દશેરા ટેકરી** પે એન્ડ યુઝ ટોયલેટથી મોંઘાભાઈ હોલ સુધીના રસ્તાની બંને તરફ આવેલ લાગુ તમામ અંતિમ ખંડો તેમજ રોડનું ડીમાર્કેશન , હદ નિશાન કરવાની કામગીરી હાથ ધરવાની હોય , સદરહુ કામગીરી કરવા માટે એજન્સી શ્રી એક્યુ –ટેપ એજન્સીયર્સ, બાઈ આવાંબાઈ કોમ્પ્લેક્ષ, વલસાડ પાસેથી ભાવપત્રકમાં જણાવ્યા મુજબ સદરહુ કામગીરીનો અંદાજિત ખર્ચ રૂ|. ૨૫,૦૦૦/- (ટેક્ષ અલગથી)થવા જાય છે. જે મંજૂર કરવા બાબત.

દ.મુ. છાયાબેન ઉમેશભાઈ પટેલ
ટે. આ. સોનલબેન સોલંકી

ઠરાવ :-

કા.સ. ઠ.નં.- ૦૪/તા-૧૯-૦૪-૨૦૨૧ની ભલામણ મુજબ, વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં આખરી નાગર રચના યોજના નં. -૧ ( મલાવ ટેન્ક વિસ્તાર ) માં આવેલ દશેરા ટેકરી વિસ્તારના આવેલ પે એન્ડ યુઝ ટોયલેટ થી મોંઘાભાઈ હોલ સુધીના રસ્તાની બંને તરફ આવેલ  આવેલ લાગુ તમામ અંતિમ ખંડો તેમજ રોડનું ડિમાર્કેશન, હદ નિશાન કરવાની હાથ ધરાવતી હોય , સદરહુ કામગીરી કરવા માટે એજન્સી શ્રી એક્યુ-ટેપ એન્જીનિયર્સ , ઓફિસ નં.- ૦૫, પહેલામાળે, બાઈ આવાંબાઈ કોમ્પ્લેક્ષ, વલસાડ પાસેથી તા. :૧૧-૧૨-૨૦૨૦ થી ભાવપત્રક અત્રેની કચેરીએ આવેલ છે. સદરહુ ભાવપત્રકમાં જણાવ્યા મુજબ સદરહુ કામગીરીનો અંદાજિત ખર્ચ રૂ|. ૨૫,૦૦૦/- (ટેક્ષ અલગથી) થવા જાય છે. જે ઉપરોક્ત જણાવેલ કામગીરી કરવા માટે સદરહુ ખર્ચ મંજૂર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર.

કામ નં. – ૦૪

વિષય : તા.૧૯/૦૪/૨૦૨૧ ની કારોબારી સમિતિ તથા વો.વ.ક.ઠ.નં. ૦૩/ ૦૬/૦૪/૨૦૨૧ની ભલામણ મુજબ , ૧૪ માં નાણાં પંચ હેઠળ કોન્ટ્રાકટર, શ્રી જય બિલનાથ કન્સ્ટ્રકશન કુ. જુનાગઢ, ધ્વારા જુદા જુદા વિસ્તારમાં પીવાના પાણીની પાઈપ લાઈન નાખવાના કામ દરમ્યાન થયેલ કામગીરીનું આવેલ બિલ રૂ |. ૨,૪૩,૦૪૮-૪૯નું ચુકવણું કરવા નિર્ણય થવા બાબત.

દ.મુ. છાયાબેન ઉમેશભાઈ પટેલ
ટે. આ.ઉર્મિબેન આશિષકુમાર દેસાઇ

ઠરાવ :-

કા.સ. ઠ.નં.- ૨૧ /તા-૧૯-૦૪-૨૦૨૧ ની તથા વો.વ.ક.ઠ.નં. ૦૩ /તા.૦૬/૦૪/૨૦૨૧ ની ભલામણ મુજબ, ના સરકારશ્રીની ૧૪માં નાણાં પાંચ હેઠળ વલસાડ નગરપાલિકા ધ્વારા રાજનનગર વિગેરે જુદા જુદા વિસ્તારોમાં પીવાના પાણીની પાઈપ નાંખવા અંગેનું કામ (માલ-સામાન સહિત ) કરવાનું નક્કી કરવામાં આવેલ છે. સદરહુ કામગીરી ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ કરી ઉપરોક્ત ટેન્ડર જય બિલનાથ કન્સ્ટ્રકશન કુ. જુનાગઢનું ટેન્ડર મંજૂર કરતાં વ.જા. નં. ૨૦૧/તા. :૦૪/૦૧/૨૦૧૮ થી વર્ક ઓર્ડર ઈસ્યુ કરવામાં આવે છે. સદરહુ કામગીરી દરમ્યાન સાઈટ ઉપર જરૂરી એવી ટેન્ડરમાં ઉલ્લેખ ન થયેલ હોય કામગીરી કરવાની આવશ્યકતા જણાતા ઉપરોકત કામગીરી પૂર્ણ કરવા સબંધે સદર જણાવેલ કામગીરી કરવામાં આવે તો જ સદરહુ પ્રોજેક્ટને આખરી ઓપ આપી શકાય તેમ હોય તેમજ સદરહુ કામગીરીની સમય મર્યાદાને ધ્યાને લઈ સદર કામગીરી ઈજનેરશ્રીના નિરિક્ષણ હેઠળ કરવામાં આવેલ જેથી સદર વધારાની એક્સ્ટ્રા કામગીરીને બહાલી રાખી ન. પા. આ.નં. ૫૬૭૧/તા. :૦૯/૦૧/૨૦૨૦ થી આવેલ રનીગ બીલ નં. ૨ અને ફાઇનલ રૂ |. ૩૫,૨૬,૬૦૨ /- પૈકી બાકી રહેલ એક્સ્ટ્રા કામગીરી અંગેના બીલની રકમ રૂ |. ૨,૪૩,૦૪૮-૪૯નું ચુકવણું કરવા અંગેના આવેલ કામે એક્સ્ટ્રા આઈટમો અંગે કન્સલટન્ટનો અભિપ્રાય મેળવી કઈ કઈ જગ્યાએ લાઇન નાંખેલ છે . તેનો વિગતવાર રિપોર્ટ મેળવી , આવેલ બીલ ચૂકવવા અંગે જરૂરી આગળની નિયમોનુસાર કાર્યવાહી કરવાનું મંજૂર કરવાનું ઠરાવવામાં આવે છે.

| | Extraa item No. 1 | | | | |
|---|---|---|---|---|---|
| Item No. | Excavation for pipe line tranches incl. all safety provisions using site rails and stacking excavated stufr u [ to a lead of 90mts. Cleaning the site ect. Complete for lifts andstrata as specifield A upto 1.5 mt depth | | | | |
| 1 | In Hard Muttum (Rate-151.80) | 151.80 | Cumt | 5121.84 | 51218.84 |
| 2 | In Soft Rock ( Rate: 184.00 ) | 171.03 | Cumt | 72410.68 | 72410.68 |
| 3 | In Hard Rock (Rate : 419.75 ) | 419.75 | Cumt | 119418.88 | 119418.88 |
| | Total amount Rs. | | | | 243048.39 |

સ.મ.મંજુર….

કામ નં. – ૦૫

વિષય : તા.૧૯/૦૪/૨૦૨૧ની કારોબારી સમિતિ તથા તા.:૦૭/૦૪/૨૦૨૧ની મળેલ જાહેર બાંધકામ કમીટીમાં ઠરાવ્યા મુજબ, વલસાડ નગરપાલિકા હદમાં સ્ટેશન રોડ જતાં રસ્તાને પહોળો કરવા માટે જરૂરી નિર્ણય થવા બાબત..

દ.મુ. છાયાબેન ઉમેશભાઈ પટેલ
ટે. આ. ઉર્મિબેન આશિષકુમાર દેસાઇ

ઠરાવ :-

કા.સ.ઠ.નં. ૨૭ / તા.૧૯ -૦૪-૨૦૨૧ તથા બાંધકામ સમીતી ઠરાવ નં. -૦૯/તા.:૦૭-૦૪-૨૦૨૧ ની ભલામણ મુજબ, ઈજનેરશ્રી, પ.વ.ડી. શાખાનો રિપોર્ટ વંચાણે લેવામાં આવ્યો. તા.: ૩-૧૦-૨૦૨૦ ના રોજ **T.P.** સ્કીમના **FP NO 125** તથા **127** નંબરનાં પાર્કિંગ પ્લોટ દબાણ હટાવી ખુલ્લો કરવામાં આવેલ છે. સદરહુ પાર્કિંગ પ્લોટ ખુલ્લો થવાથી શહેરીજનોને પાર્કિંગની સુવિધા મળેલ છે. સદરહુ પ્લોટમાંથી ૨૦ '– ૦" પહોળાઈનો રસ્તો માટે અનામત કરવાથી તથા ૨૦ '– ૦" પહોળાઈનો પશુ દવાખાનામાથી કપાત કરવામાં આવે તો પશ્ચિમ રેલ્વે પાસેથી અંદાજે ૪૦'- ૦ " રસ્તાની માંગણી કરવાથી **IN** તથા **OUT** રેલ્વે સ્ટેશનથી શહેરમાં પ્રવેશ માટેની સગવડ થઈ શકે એમ છે. અગાઉ સને ૨૦૦૪ નાં વર્ષમાં રેલ્વે આ માટે સંમત થયેલ હતી. જે હકીકતોને ધયાને લેતા , વલસાડ નગરપાલિકા હદમાં સ્ટેશન રોડ જતાં રસ્તાને પહોળો કરવામાં આવે તો ટ્રાફિકની સમસ્યા દૂર થાય એમ છે. જેથી સદરહુ રોડને પહોળો કરવા માટેની, જરૂરી નિયમોનુસારની દરખાસ્ત કરવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કામ નં. – ૦૬

વિષય : તા.૧૯/૦૪/૨૦૨૧ ની કારોબારી સમિતિ તથા તા.: ૦૭/૦૪/૨૦૨૧ની મળેલ જાહેર બાંધકામ કમીટીમાં ઠરાવ્યા મુજબ, કલ્યાણબાગની સામે આવેલ સદરહું પાર્કિંગ પ્લોટને પાર્કિંગ માટે વપરાશ કરેલ , જેમાં રાત્રિ દરમ્યાન, LED લાઇટો એજન્સી શ્રી જયઅંબે લાઇટિંગ ડેકોરેશન , વલસાડ પાસેથી ભાડેથી લાવેલ , જેનું આવેલ બીલ રૂ |. ૭૫,૬૦૦/- પુરાનું મંજુર કરવા બાબત..

દ.મુ. છાયાબેન ઉમેશભાઈ પટેલ

ટે. આ. ધર્મેશભાઈ અરવિંદભાઇ પટેલ

ઠરાવ :-

બાંધકામ સમીતી ઠરાવ નં. ૧૪/ તા.: ૦૭-૦૪-૨૦૨૧ ની ભલામણ મુજબ , કલ્યાણબાગની સામે આવેલ કાચી કેબીનોને તોડી પ્લોટ ખુલ્લો કરવામાં આવેલ , અને સદરહુ પાર્કીંગ પ્લોટને પાર્કીંગ માટે વપરાશ કરેલ , જેમાં સદરહુ પ્લોટમાં રાત્રિ દરમ્યાન જરૂરિયાત મુજબ એજન્સીશ્રી જય અંબે લાઇટિંગ ડેકોરેશન , વલસાડ ધ્વારા LED લાઇટો મુકવામાં આવેલ, સદરહુ મુકવામાં આવેલ LED લાઈટોના ભાડા અંગેનું આવેલ બિલ રૂ |. ૭૫,૬૦૦/- અંકે રૂ|. પંચોતેર હજાર, છસો પુરાનું અત્રેની કચેરીએ આવેલ છે. જે આવેલ બિલનું ચુકવણું કરવા માટે જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર.

કામ નં. – ૦૭

વિષય : તા.૧૯/૦૪/૨૦૨૧ની કારોબારી સમિતિ તથા તા.:૦૭/૦૪/૨૦૨૧ની મળેલ જાહેર બાંધકામ કમીટીમાં ઠરાવ્યા મુજબ, સરકારશ્રીના પ્લાસ્ટિક મુક્ત અભિયાન હેઠળ શહેરીજનોમાં જાગૃતિ લાવવા માટે જરૂરી કાપડની બેગ ( ઈકો ફ્રેન્ડલી ) બનાવવાની કામગીરી યોગેશ્વર પોલી ઈન્ક , અતુલ પાસે કરાવેલ, જેનું આવેલ બીલ રૂ|.૩૪,૪૫૪/- પુરાનું મંજૂર કરવા બાબત..

દ.મુ. છાયાબેન ઉમેશભાઈ પટેલ
ટે. આ. ભરતભાઈ છોટુભાઈ પટેલ

ઠરાવ :-

કા.સ.ઠ.નં .:-૩૨/તા. ૧૯-૦૪-૨૦૨૧ તથા બાંધકામ સમીતી ઠરાવ નં.- ૧૬/તા.:૦૭-૦૪-૨૦૨૧ ની ભલામણ મુજબ કાપણી બેગ ( ઈકો ફ્રેન્ડલી ) બનાવવામાં આવેલ , સદરહુ કાપડની બેગ બનાવવાની કામગીરી યોગેશ્વર પોલી ઈન્ક , અતુલને સોપવામાં આવેલ , એજન્સી ધ્વારા કરેલ કામગીરીનું આવેલ બીલ રૂ |. ૩૪,૪૫૪/- અંકે રૂ|. ચોત્રીસ હજાર, ચારસો ચોપ્પન પુરાનું અત્રેની કચેરીએ આવેલ છે. જે આવેલ બીલનું ચુકવણું કરવા માટે જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજૂર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર.

કામ નં. – ૦૮

વિષય : તા.૧૯/૦૪/૨૦૨૧ની કારોબારી સમિતિ તથા તા.:૦૭/૦૪/૨૦૨૧ની મળેલ જાહેર બાંધકામ કમીટીમાં ઠરાવ્યા મુજબ, વોર્ડ નં.-૦૧ માં ઉમર ફળિયા કાબાના ઘરથી નિમીષાબેનના ઘર સુધીના વિસ્તારમાં રોડ રિસર્ફેસીગ કરવાના કામનો એસટીમેઈટ રૂ|.૧,૬૮,૮૦૦/- પુરાનો મંજૂર કરવા બાબત..

દ.મુ. છાયાબેન ઉમેશભાઈ પટેલ
ટે. આ.ભરતભાઈ છોટુભાઈ પટેલ

ઠરાવ :-

કા.સ.ઠ.નં .:-૩૨/તા. ૧૯-૦૪-૨૦૨૧ તથા બાંધકામ સમીતી ઠરાવ નં. -૧૯/તા.:૦૭-૦૪-૨૦૨૧ ની ભલામણ મુજબ, વલસાડ નગરપાલિકાના વોર્ડ નં.-૦૧ માં ઉમર ફળિયા કાબાના ઘરથી નીમીશાબેનના ઘર સુધીના વિસ્તારમાં રોડ રીસર્ફેસીંગ કરવાના કામનો એસ્ટીમેઈટ રૂ |. ૧,૬૮,૮૦૦/- અંકે રૂ|. એક લાખ, અડસઠ હજાર , આઠસો પુરાનો આવેલ છે. જેથી સદરહુ કામગીરી કરાવવા માટે નામદાર સરકારશ્રીની આવનારી યોજનામાં ગ્રાન્ટ હેઠળ સમાવેશ કરી કામગીરી કરાવવા અંગેની જરૂરી નિયમોનુસાર આગળની કાર્યવાહી કરવાનું મંજૂર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર.

કામ નં. – ૦૯

વિષય : તા.૧૯/૦૪/૨૦૨૧ની કારોબારી સમિતિ તથા તા.:૦૭/૦૪/૨૦૨૧ની મળેલ જાહેર બાંધકામ કમીટીમાં ઠરાવ્યા મુજબ, વોર્ડ નં.–૦૧માં વિજયભાઈની લારીથી પંપીંગ સ્ટેશન થી આંધીયાવાડ જકાતનાકા સુધી ડામર રોડ બનાવવાના કામનો એસ્ટીમેઈટ રૂ|.૧૨,૭૪,૪૦૦/- પુરાનો મંજુર કરવા બાબત.

દ.મુ. છાયાબેન ઉમેશભાઈ પટેલ

ટે. આ.ભરતભાઈ છોટુભાઈ પટેલ

ઠરાવ :-

કા.સ.ઠ.નં.:-૩૨/તા. ૧૯-૦૪-૨૦૨૧ તથા બાંધકામ સમીતી ઠરાવ નં.-૨૦ /તા .:૦૭-૦૪-૨૦૨૧ ની ભલામણ મુજબ વોર્ડ નં -૦૧ માં વિજયભાઈના ઘરથી પંપીંગ સ્ટેશન થી આંધીયાવાડ જકાતનાકા સુધી ડામર રોડ બનાવવાના કામનો એસ્ટીમેઈટ રૂ|. ૧૨,૭૪,૪૦૦/- અંકે રૂ|. બાર લાખ, ચુમ્મોતેર હજાર, ચારસો પુરાણો આવેલ છે. જેથી સદરહુ કામગીરી કરાવવા માટે નામદાર સરકારશ્રીની આવનારી યોજનામાં ગ્રાન્ટ હેઠળ સમાવેશ કરી કામગીરી કરાવવા અંગેની જરૂરી નિયમોનુસાર આગળની કાર્યવાહી કરવાનું મંજૂર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર.

કામ નં. – ૧૦

વિષય : તા.૧૯/૦૪/૨૦૨૧ની કારોબારી સમિતિ તથા તા.:૦૭/૦૪/૨૦૨૧ની મળેલ જાહેર બાંધકામ કમીટીમાં ઠરાવ્યા મુજબ,વલસાડ નગરપાલિકા હદમાં ખરાબ થયેલ રસ્તાઓને ચોમાસાની સિઝન દરમ્યાન જરૂરિયાત મુજબ **GSB,** વિગેરે મટીરીયલ્સ સપ્લાય કરવાના કામે સને :૨૦૧૯-૨૦ ના વાર્ષિક મંજૂર થયેલ ભાવોથી ઠેકેદારશ્રી ભરતકુમાર એ. ઓડેદરા, વલસાડ પાસેથી કામગીરી કરાવેલ. જેનું આવેલ બીલ રૂ |.૧,૨૯,૪૯,૯૮૬/- પુરાનું મંજુર કરવા બાબત..

દ.મુ. છાયાબેન ઉમેશભાઈ પટેલ
ટે. આ. ભરતભાઈ છોટુભાઈ પટેલ

ઠરાવ :-

કા.સ.ઠ.નં .:-૩૭ /તા. ૧૯-૦૪-૨૦૨૧ તથા બાંધકામ સમીતી ઠરાવ નં.-૨૨/તા.: ૦૭-૦૪-૨૦૨૧ ની ભલામણ મુજબ GSB વિગેરે મટીરિયલ્સ સપ્લાય કરવાના કામે સને :૨૦૧૯-૨૦ ના વાર્ષિક મંજૂર થયેલ ભાવોથી ઠેકેદારશ્રી ભરતકુમાર એ. ઓડેદરા ,વલસાડ પાસેથી કામગીરી કરાવેલ. જેનું આવેલ બીલ રૂ |. ૧,૨૯,૪૯,૯૮૬/- પુરાણું અત્રેની કચેરીએ આવેલ છે.

સને : ૨૦૨૦ ના વર્ષે ના.સરકારશ્રીની જુદી જુદી યોજના હેઠળ વલસાડ નગરપાલિકા ધ્વારા અમ્રુત યોજના હેઠળ ઝરણાપાર્ક થી છેલ્લી વાડી થઈ ભંડારવાડ , અબ્રામા સુધી વરસાદી ગટર બનાવવામાં આવેલ છે. જેના કારણે સદરહુ રસ્તો ખરાબ હાલતમાં હતો, તેમજ વલસાડ શહેરમાં અમૃટ યોજના હેઠળ પ્રાગજી ટાવર વિસ્તાર તેમજ જટેશ્વર મંદિર વિસ્તારમાં પીવાના પાણીની મેઈન રાઈઝીંગ લાઇન નાખવામાં આવેલ હતી જેના કારણે સદરહુ વિસ્તારના રસ્તાને રીસ્ટોરેશન કરવાની જરૂરીયાત હતી. સદરહુ કામગીરી અર્થે ખરાબ થયેલ રસ્તાઓને રોડ રીસ્ટોરેશન કરવાના કામે નાયબ માહિતી ખાતા મારફતે દૈનિક પેપરમાં જાહેરાત આપી ઓનલાઈન ટેન્ડર મંગાવવાની છેલ્લી તા.:૨૮-૦૩-૨૦૨૦ હતી પરંતુ જે તે સમયે સદરહુ કામે કોઈ ટેન્ડર આવેલ ન હોય. અને સને :૨૦૨૦ માં નોવેલ કોરોના વાયરસ ( COVID- 19 ) કે જેને વિશ્વ આરોગ્ય સંગઠન ( WHO) ધ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરવામાં આવતા ના.સરકારશ્રી ધ્વારા તા.:૨૫-૦૩-૨૦૨૦ થી લોકડાઉન જાહેર કરવામાં આવતા ટેન્ડરો સમયમર્યાદામાં આવી શકેલ નથી. તેમજ જે તે સમયમાં ચોમાસાની ઋતુ શરૂ થનાર હોય , અને સાઉથ ગુજરાતમાં અંદાજે ૧૦૦ ઈંચ જેટલો વરસાદ થતો હોય છે. અને જે તે સમયે ચોમાસાની સીઝન પણ ખુબજ નજીક હોય , જેથી ઉપરોક્ત જણાવેલ રસ્તાઓ તેમજ નગરપાલિકા હદ વિસ્તારમાં જુદા -જુદા સ્થળોએ ખરાબ થયેલ રસ્તાઓને રીપેરીંગ કરવાની ખુબજ અંત્યંત અને આવશ્યક જરૂરીયાત હોય , અને વલસાડના શહેરીજનોએ ચોમાસાની સીઝન દરમ્યાન સદરહુ રસ્તા ઉપરથી સરળતાથી અવર - જવર કરી શકે તેવા શુભ આશયથી સદરહુ રસ્તાઓ મરામત કરવાની અંત્યંત અને અતિ આવશ્યક જરૂરીયાત ઉપસ્થિત થયેલ.

ઉપરોક્ત વૈશ્વિક મહામારી COVID- 19 તેમજ ચોમાસુ સત્રને ધ્યાને લઈ તેમજ જે તે વિસ્તારના સ્થાનિક રહીશો તેમજ નગરપાલિકાના સભ્યશ્રીઓની રજૂઆતને ધ્યાને લઈ વલસાડ નગરપાલિકાના સને : ૨૦૧૯-૨૦ના વાર્ષિક ઓફ લાઇન મંગાવવામાં આવેલ, સદરહુ મંજુર થયેલ જી.એસ.બી. મટીરીયલ્સ તેમજ મેટલ થી રસ્તાઓના ખાડા પુરાવા માટેના ભાવો સપ્લાયર્સશ્રી ભરતકુમાર એ. ઓડેદરા , વલસાડના કા.સ.ઠ.નં .:- ૨૩૧/તા.:૧૪-૧૦-૨૦૧૯ થી મંજુર થયેલ હતા. સદરહુ મંજુર થયેલ ભાવોથી સપ્લાયર્સશ્રી ભરતકુમાર એ. ઓડેદરા, વલસાડને જરૂરી વર્કઓર્ડર આપી કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે.

ઉપરોક્ત સપ્લાયર્સશ્રી ભરતકુમાર એ. ઓડેદરા , વલસાડને આપવામાં આવેલ વર્કઓર્ડર મુજબ કામગીરી પૂર્ણ કરેલ છે અને કરેલ કામગીરીના બીલો અત્રેની કચેરીએ રજુ કરેલ છે. જે આવેલ બીલોની વિગત નીચે મુજબ છે.

| અ.નં. | નગરપાલિકા બીલ નં./તારીખ | વર્કઓર્ડર નં./તારીખ | બિલની રકમ | સપ્લાય કરેલ મટીરીયલના વિસ્તારો |
|---|---|---|---|---|
| ૧ | ૪૦<br>૦૩-૦૭ -૨૦૨૦ | ૩૧૦<br>૦૧-૦૬-૨૦૨૦ | ૨૮,૮૭,૪૦૨- | પારડી સાંઢપોર ખાતે કલર ફેક્ટરી થી ડમ્પીંગ સાઈટ સુધી |
| ૨ | ૪૫<br>૧૪-૦૭-૨૦૨૦ | ૩૧૧<br>૦૧-૦૬-૨૦૨૦ | ૨૬,૬૨,૪૯૮- | ઝરણા પાર્ક થી ભંડારવાસ |

| | | | | |
|---|---|---|---|---|
| ૩ | ૫૩<br>૧૫-૦૩-૨૦૨૦ | ૬૨૦<br>૦૫-૦૬-૨૦૨૦ | ૪૬,૧૨,૭૭૦- | હરીનગર, સાંઈરીવર,વાવ ફળિયા, સુધાનગર, ગરીબનવાઝ, દયાળજીની વાડી, નાયકીવાડ, ધારાનગર,વસનજીપાર્ક, ગોકુલધામ, શાંતિનગર,ઠાકોરભાઈ પાર્ક, પ્રમુખ શિવાલય, સોના નગર પ્લોટ, પુનિત પ્લોટ, રાજનગર |
| ૪ | ૧૬૩<br>૦૮-૧૦-૨૦૨૦ | ૬૪૨<br>૧૧-૦૬-૨૦૨૦ | ૫,૦૬,૩૯૬ | જૂનું વલસાડ શહેર વિસ્તાર |
| ૫ | ૧૬૪<br>૦૮-૧૦-૨૦૨૦ | ૬૪૩<br>૧૧-૦૬-૨૦૨૦ | ૧૧,૩૧,૬૯૦- | મોગરવાડી વિસ્તાર |
| ૬ | ૧૬૫<br>૦૮-૧૦-૨૦૨૦ | ૯૪૦<br>૨૩-૦૭-૨૦૨૦ | ૩,૪૬,૭૭૪- | અબ્રામા વિસ્તાર |
| ૭ | ૫૨૪<br>૨૨-૦૩-૨૦૨૧ | ૯૩૯<br>૨૩-૦૭-૨૦૨૦ | ૮,૦૨,૪૫૬- | પારડી સાંઢપોર કલર ફેક્ટરી થી એન્કર ગલી થઈ કૈલાશ રોડ સુધી ( ડમ્પીંગ સાઈટ જતો રોડ ) |
| ૮ | ૫૨૩<br>૨૨-૦૩-૨૦૨૧ | ૨૮૯૪<br>૦૩-૦૨-૨૦૨૦ | ૧,૬૩,૭૨૮- | પરાગજી ટાવર થી તિથલ રોડ સુધી |

ઉપરોક્ત કરેલ કામગીરી અન્વયે સને : ૨૦૨૦ ની વૈશ્વિક મહામારી COVID- 19 તેમજ ચોમાસુ સત્રને ધ્યાને લઈ ચોમાસાની સીઝનમાં શહેરીજનોને અવર-જવર કરવામાં હાલાકી ન ઉપસ્થિત ન થાય તેમજ ખરાબ થયેલ રસ્તાઓને કારણે વરસાદી સીઝનમાં કોઈ અકસ્માત ન બને તેમજ સદરહુ ખરાબ થયેલ રસ્તાઓ મરામત કરવા માટે વલસાડ નગરપાલિકાના સભ્યશ્રીઓની અવાર-નવાર રજૂઆતો તેમજ વલસાડ શહેરની નાગરિકોની રજૂઆતને ધ્યાને લઈ ઉપરોક્ત કામગીરી તાકીદે કરાવી વલસાડ નગરપાલિકા હદના ખરાબ થયેલ તમામ રસ્તાઓ મરામત કરાવેલ છે. અને સદરહુ કરેલ કામગીરી બાબતે ચોમાસુસુત્ર-૨૦૨૦ માં ખરાબ રસ્તા અન્વયે કોઈ શહેરીજનોને કે કોઈ અકસ્માત થવાની ફરિયાદો ઉપસ્થિત થયેલ ન હોય, અને સદરહુ કામગીરી શહેરીજનોને મુશ્કેલીઓ ઉપસ્થિત ન થાય એવા શુભ આશયથી કરવામાં આવેલ છે. જેથી સદરહુ કરાવેલ કામગીરીના આવેલ બીલોનું ચુકવણું કેવા અંગેની જરૂરી નિયમોનુસાર આગળની કાર્યવાહી કરવાનું મંજૂર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કામ નં. – ૧૧

વિષય : તા.૧૯/૦૪/૨૦૨૧ની કારોબારી સમિતિ તથા તા.:૦૭/૦૪/૨૦૨૧ની મળેલ જાહેર બાંધકામ કમીટીમાં ઠરાવ્યા મુજબ, વલસાડ નગરપાલિકા હદમાં બેચરરોડ તેમજ બંદરરોડ ઉપર ડિમોલેશનની કામગીરીમાં જરૂરિયાત મુજબ સ્થળ ઉપર ફ્રેસીગ કરવામાં આવેલ , જે ફ્રેસીગના માલ-સામાનનું આવેલ બીલ રૂ |.૧,૧૫,૫૦૦/-મંજૂર કરવા બાબત..

દ.મુ. છાયાબેન ઉમેશભાઈ પટેલ
ટે. આ. ભરતભાઈ છોટુભાઈ પટેલ

ઠરાવ :-

કા.સ.ઠ.નં .:-૩૭ /તા. ૧૯-૦૪-૨૦૨૧ તથા બાંધકામ સમીતી ઠરાવ નં.- ૩૬/તા.:૦૭-૦૪-૨૦૨૧ ની ભલામણ મુજબ, વલસાડ નગરપાલિકા હદમાં બેચરરોડ તેમજ બંદર રોડ ઉપર ડીમોલેશનની કામગીરી હાથ ધરવામાં આવેલ, અને સદરહુ કામગીરીમાં ડીમોલેશન કર્યા બાદ ફરીથી દબાણ થાય તે માટે સદરહુ સ્થળ ઉપર ફ્રેસીંગ કરવાની જરૂરિયાત હોય , જેથી સદરહુ ફ્રેસીંગ કરવાના કામે જરૂરિયાત મુજબ ફ્રેસીંગ કરવાના માલ-સામાનની ખરીદી વલસાડના સ્થાનિક વસંત હાર્ડવેર એન્ડ જનરલ સ્ટોર્સ , આઝાદ ચોક, વલસાડ પાસેથી કરેલ , સદરહુ ખરીદી અંગેનું આવેલ બીલ રૂ |. ૧,૫૫,૫૦૦/- અંકે રૂ |. એક લાખ, પંચાવન હજાર , પાંચસો પુરાનું અત્રેની કચેરીએ આવેલ છે. સદરહુ આવેલ બીલનું ચુકવણું કરવા અંગેની જરૂરી નિયમોનુસાર આગળની કાર્યવાહી કરવાનું મંજૂર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર.

કામ નં. – ૧૨

વિષય : તા.૧૯/૦૪/૨૦૨૧ની કારોબારી સમિતિ તથા હો.ક.ઠ.નં.-૩૨/તા .:૩૧/૦૩/૨૦૨૧ની ભલામણ મુજબ, મ્યુનિ.હોસ્પિટલમાં સ્ટાફ નર્સ તરીકે સેવા આપતા સુહાસીની જે. વસાવાનો ૧૧ માસનો કરાર પુર્ણ થતો હોય રિન્યુ કરવા બાબત..

દ.મુ. છાયાબેન ઉમેશભાઈ પટેલ
ટે. આ. પ્રવિણભાઈ પટેલ

ઠરાવ :-

કા.સ.ઠ.નં .:-૪૨ /તા. ૧૯-૦૪-૨૦૨૧ તથા હો.ક.ઠ.નં.-૩૨/તા.૩૧ /૦૩/૨૦૨૧ની ભલામણ મુજબ , મ્યુનિ. હોસ્પિટલમાં ૧૧-માસના કરાર ઉપર સ્ટાફ નર્સ તરીકે સેવા આપતા સુહાસીની જે. વસાવા , જેમની મુદત તા.: ૧૦/૦૪/૨૦૨૧ ના રોજ પૂર્ણ થતાં હોય તેમની આવેલ તા.: ૩૦/૦૩/૨૦૨૧ ની અરજીમાં રીન્યુ કરી આપવા વિનંતી કરેલ છે. સદરહુ કર્મચારીની છેલ્લા-૮ વર્ષથી નિયમીત ફરજ બજાવતાઆવેલ છે તેમજ સમગ્ર કોવીડ-૧૯ દરમ્યાન પણ ખંત અને સંતોષકારક રીતે કામગીરી કરતાં આવેલ છે. જેઓને ફરીથી સદરહુ ૧૧-માસનો કરાર રીન્યુ કરી આપવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજૂર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર.

કામ નં. – ૧૩

વિષય : તા.૧૯/૦૪/૨૦૨૧ની કારોબારી સમિતિ તથા હો.ક.ઠ.નં.-૩૨/તા .:૩૧/૦૩/૨૦૨૧ની ભલામણ મુજબ , મ્યુનિ.હોસ્પિટલમાં ખાલી પડેલ સ્ટાફની ભરતી કરવા બાબત..

દ.મુ. છાયાબેન ઉમેશભાઈ પટેલ
ટે. આ. પ્રવીણભાઈ પટેલ

ઠરાવ :-

**કા.સ.ઠ.નં.:-૪૩ /તા. ૧૯-૦૪-૨૦૨૧ તથા હો.ક.ઠ.નં.-૩૩/તા.૩૧ /૦૩/૨૦૨૧ની ભલામણ મુજબ , વલસાડ નગરપાલિકા સંચાલિત હોસ્પીટલમાં સ્ટાફની ખાલી પડેલ જગ્યાઓ ભરતી કરવા માટે હાલમાં ફરજ બજાવતો સ્ટાફ તેમજ ખાલી પડેલ જગ્યાઓ નીચે મુજબ જણાવેલ છે.**

| જગ્યાનું નામ | કુલ મહેકમ | ભરેલ જગ્યા | ખાલી પડેલ જગ્યા |
|---|---|---|---|
| મેડિકલ ઓફિસર | ૪ | ૨ | ૨ |
| સ્ટાફ નર્સ | ૬ | ૧ કાયમી | |
| | | ૧ કરાર આધારિત | |
| | | ૪ આ.સો.એજન્સી | |
| ફાર્માસીસ્ટ | ૪ | ૨ | ૨ |
| સ્વીપર | ૪ | ૧ કાયમી | ૨ |
| | | ૧ ફિક્સ પગાર | |
| વોર્ડબોય | ૪ | ૧ કાયમી | ૩ |
| | | ૨ આ.સો.એજન્સી | |
| વોર્ડ આયા | ૪ | ૨ રોજીંદા | ૪ |
| | | ૨ આ.સો.એજન્સી | |
| લેબ ટેકનીશીયન | ૧ | ૧ આર.એન.ટી.સી.પી. | ૧ |
| | | (૨૦%કાપમાં જગ્યા રદ કરેલ છે.) | |

હાલમાં ઉપર બાતાવ્યા મુજબનો સ્ટાફ ફરજ બજાવે છે. અને હોસ્પીટલમાં સ્ટાફની ઘટ જણાતા હાલમાં આઉટ સોસીંગ એજન્સીમાંથી કરાર મુજબ સ્ટાફની ભરતી કરી હંગામી ધોરણે કામ ચાલાઉ હોસ્પીટલ ચલાવવામાં આવે છે. પરંતુ સરકારશ્રીના શ્રમ અને રોજગાર અને તાલીમ ગાંધીનગરના પરીપત્ર ક્રમાંક મકમ /વ.આઉટ સોર્સ/ ૨૦૨૧ નં. ૧૦ તા. :૦૬/૦૧/૨૦૨૧ ના આવેલ પત્રમાં જણાવ્યા મુજબ આઉટ સોસીંગ એજન્સીની ટેન્ડરિંગની કામગીરી સ્થગિત કરવામાં આવે છે એવું જણાવે છે.તેથી હોસ્પીટલમાં ચાલતી એજન્સીનો કરાર ટુક સમયમાં પુરો થશે તેથી વહીવટી તકલીફો ઉભી થશે તો નીચે મુજબના સ્ટાફની ભરતી કરવી જરૂરી છે.

| | | |
|---|---|---|
| (૧) | સી.એમ.ઓ. | ૧ એમ.એસ. સર્જન |
| (૨) | એલ.એમ.ઓ. | ૧ ગાયનેક (ડી.જી.ઓ.) |
| (૩) | એમ.ઓ. | ૨ એમ.બી.બી.એસ. |
| (૪) | ફાર્માલીસ્ટ | ૧ રજીસ્ટર ફાર્મા |
| (૫) | સ્ટાર્ફ નર્સ | ૫ જી.એન.એમ. |
| (૬) | લેબ ટેક. | ૧ બી.એસ.સી. માઈક્રો (ડી.એમ. એલ. ટી.) |
| (૭) | વોર્ડ બોય | ૪ |
| (૮) | વોર્ડ બોય | ૪ |
| (૯) | સ્વીપર | ૪ |
| (૧૦) | ડ્રાઈવર | ૧ |
| (૧૧) | વોચમેન | ૨ (દિવસ અને રાત ) |
| (૧૨) | ક્લાર્ક | ૨ કોમ્પ્યુટરના જાણકાર |

ઉપરોક્ત મુજબના સ્ટાફની હાલમાં જરૂરિયાત છે અને આં સ્ટાફની ભરતી કરવામાં આવે તો હોસ્પીટલમાં વહીવટી શીફ્ટ મુજબ વ્યવસ્થા કરવાનું અનુકુળતા રહે છે.

ઉપરોક્ત હકીકતો ધ્યાને રાખી , સરકારશ્રીની મંજૂરી મેળવવા જરૂરી નિયમોનુસાર આગળની કાર્યવાહી કરવાનું મંજૂર કરવાનુ ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર.

કામ નં. – ૧૪

વિષય : તા.૧૯/૦૪/૨૦૨૧ની કારોબારી સમિતિ ભલામણ મુજબ , ગુ.મ્યુ.ફાઈ. બોર્ડના પત્ર ક્રમાક: મફબ/યુ. ૨/૧૫મુ નાણાંપંચ/૨૦૨૧/૩૫૨૦ તા.:૧૬/૦૨/૨૦૨૧ માં જણાવ્યા મુજબ , કેન્દ્ર પુરસ્કૃત ૧૫માં નાણાપંચની યોજના હેઠળ વર્ષ ૨૦૨૨-૨૩ ની બીજા હપ્તાની ગ્રાન્ટ મેળવવા ન.પા ધ્વારા વર્ષ ૨૦૧૯-૨૦ની સામે ૨૦૨૦-૨૧ ના વર્ષ પ્રોપર્ટી ટેક્ષની આવક રાજ્ય સરકારશ્રીનો જીએસડીપીમાં થયેલ વધારો/ઇન્ક્રીમેન્ટની ટકાવારી મુજબ પ્રોપર્ટી ટેક્ષ વધારવા બાબત..

દ.મુ. છાયાબેન ઉમેશભાઈ પટેલ
ટે. આ. ઉર્મિબેન આશિષકુમાર દેસાઇ

સભ્યશ્રી સોનલબેન પટેલ અને ઉર્વશીબેન પટેલએ સદર કામમાં પોતાનો વાંધો નોંધાવ્યો.

ઠરાવ :-

કા.સ.ઠ.નં .:-૫૦ /તા. ૧૯-૦૪-૨૦૨૧ તથા ગુજરાત મ્યુનિ. ફાઈનાન્સ બોર્ડના પત્ર ક્રમાંક : મફબ/યુ.૨ /૧૫મુ નાણાપંચ /૨૦૨૧ /૩૫૨૦ તા.: ૧૬/૦૨/૨૦૨૧માં જણાવ્યા મુજબ કેન્દ્ર પુરસ્કૃત ૧૫ માં નાણાપંચની યોજના હેઠળ વર્ષ ૨૦૨૨-૨૩ ની બીજા હપ્તાની ગ્રાન્ટ મેળવવા નગરપાલિકા ધ્વારા વર્ષ ૨૦૧૯-૨૦ ની સામે ૨૦૨૦-૨૧ ના વર્ષ પ્રોપર્ટી ટેક્ષની આવક રાજ્ય સરકારશ્રીનો જીએસડીપીમાં થયેલ વધારો/ ઈન્ક્રીમેન્ટની ટકાવારી મુજબ પ્રોપર્ટી ટેક્ષની આવકમાં વધારો કરવાનો થાય છે. ટે મુજબ એકજ માલિકીની ( એપાર્ટમેન્ટ સિવાય ) નવી આકારણી, રહેણાંક તરીકે ચાલતી મિલકતનો ઉપયોગ કોર્મશીયલ તરીકે થતો હોઇ , ખુલ્લા પ્લોટની આકારણી અલગ ગાળા કરવા, પ્રથમ માળના રહેણાંક કે બિન રહેણાંક મકાનની બાકી રહી ગયેલ આકારણી કરવાથી પ્રોપર્ટી ટેક્ષની આવકમાં વધારો થઈ શકશે. જેથી ઉપર જણાવેલ સૂચનોને ધ્યાનમાં લઈ નગરપાલિકાની પ્રોપર્ટી ટેક્ષ વધારવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

બ.મ.મંજુર.

સભ્યશ્રી ગિરીશભાઇ દેસાઈએ જણાવ્યુ કે સામાન્ય રીતે બોર્ડમાં એજન્ડાના કામોની મુખ્ય ચર્ચા થતી નથી અને બિનજરૂરી પ્રશ્નો ઉભા થાય છે. માટે નગરપાલિકાના હિતમાં આવક વધારવા તેમજ કોઈપણ જાતના અન્ય વેરાઓ ન વધે અને નગરપાલિકાની મિલકતોમાથી આવક ઊભી થાય તે માટે જરૂરી રેકોર્ડ જોવા માટે ગઈ કાલે સંકલનમાં રહી કામગીરી કરવાનો પ્રયત્ન કર્યો. પરંતુ ખોટી ગેરસમજ થઈ છે. રૂબરૂ ચર્ચા કરી મહત્વના કામો અંગે પ્રજાના હિતમાં કામો કરવા મિલકત વેરો વધારવામાં સખ્ત વિરોધ કર્યો. સરકારશ્રી ધ્વારા પંદરમાં નાણાંપંચની ગ્રાન્ટ ફાળવણીમાં ૧૦ % આવક વધારવા સૂચન કરેલ છે. પરંતુ વેરામાં ઉમેરો કરી શકાય નહિ , આવકમાં વધારો કરવા ફોકસ રાખવું જરૂરી છે. જેમાં નગરપાલિકાની માલિકીના દુકાનો ,સ્ટોલો બંધ હાલતમાં છે તેને માલિકી ધોરણે ફાળવી આવક ઊભી કરવી તેમજ જૂની મિલકતો આબેંડકર શોપિંગ સેન્ટર જે FSI સબંધિત વેપારીઓ ધ્વારા માંગણી કરવામાં આવે છે તે માટે માલિકી ધોરણે નિયમોનુસાર ૬૫ (૨) મુજબ મંજૂરી મેળવી કાર્યવાહી કરવી તો વિકાસના કામો થાય અને દેવા ભરપાઈ થાય, આવક વધે તેમજ જૂના દેવા માટે સરકારશ્રીમાં જરૂરી રજૂઆત માટે નગરપાલિકાનું એક પ્રતિનિધિ મંડળ જઈએ અને યોગ્ય રજૂઆત કરીએ.

કામ નં-૧૫

વિષય : નામદાર સરકારશ્રીની SJMMSVY ઘટક-પ હેઠળ આગવી ઓળખના કલ્યાણબાગ રીડેવલપમેન્ટનું કામની કામગીરી ફીલીંગ, સ્ટેપ ગાર્ડન , વોક-વે કંમ્પાઉન્ડ , પંપરૂમ, વોચમેન કેબીનનું બ્રીક વર્ક ,વિગેરેનું આવેલ એસ્ટીમેઈટની રકમ રૂા.૬૪,૫૫,૯૫૪/- પુરા અંગે જરૂરી નિર્ણય થવા બાબત.

દ.મુ. છાયાબેન પટેલ

ટે.આ. કિરણભાઈ ભંડારી

સભ્યશ્રી સોનલબેન પટેલ અને ઉર્વશીબેન પટેલએ સદર કામમાં પોતાનો વાંધો નોંધાવ્યો.

ઠરાવ :-

કા.સ.ઠ.નં-૧૪૦/તા.૦૬-૦૭-૨૦૧૮ ની ભલામણ મુજબ , વલસાડ નગરપાલિકા દ્વારા કલ્યાણબાગ ડેવલપમેન્ટના કામ માટે રીવાઈઝડ દરખાસ્તની મંજુરી ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડના હુકમ ક્રમાંક : હુ.ક્ર.મફબ/SJMMSVY-(UDP-78)/ વલસાડ/આ.ઓ./રીવાઈઝડ દરખાસ્ત/૨૦૧૪-૧૫/૨૦૧૬/૮૪૩૫/ તા.૨૫-૧૦-૨૦૧૬ થી તરફથી સૈધ્ધાંતિક મંજૂરી મળેલ, અને વલસાડ નગરપાલિકાને પ્રથમ હપ્તા પેટે આ કામ અંગે રૂા.૨.૫ કરોડ ડુડાને હવાલે મુકવામાં આવેલ હતું.

આ કામ માટે તાંત્રિક મંજૂરી વલસાડ નગરપાલિકા આવક નં-૪૮૦૬/તા.૩૧-૦૩-૨૦૧૬ થી માર્ગ અને મકાન વિભાગ દ્વારા આપવામાં આવેલ તાંત્રિક મંજૂરીની રકમ રૂા.૪,૨૬,૩૯,૯૯૬/- ની મંજૂરત મળેલ હતી.

વલસાડ નગરપાલિકા દ્વારા આ કામની એસ્ટીમેઈટ કોસ્ટ રૂા.૩ ,૯૯,૭૭,૭૦૦/- થી ઓનલાઈન ટેન્ડર બહાર પાડવામાં આવેલ હતું. કારોબારી સમિતિ ઠરાવ નં-૨૭૪/તા.૨૬-૧૦-૨૦૧૬ થી SJMMSVY આગવી ઓળખ અંતર્ગત કલ્યાણબાગ રીડેવલપમેન્ટનું કામ ટેન્ડર એસ્ટીમેઈટ કોસ્ટની રકમ રૂા.૩ ,૯૯,૭૭મ૭૦૦/- થી ૨૪.૫૦% નીચા ભાવે લોએસ્ટ બીડર એજન્સીશ્રી સી.આર.પી.ઈન્ફ્રાસ્ટ્રકચર પ્રા.લી.નું નીચા ભાવે એટલે કે રકમ રૂા.૩,૦૧,૮૩,૧૬૩.૫૦/- થી કારોબારી સમિતિ દ્વારા મંજુર કરવામાં આવેલ હતું. આ કામ અંગે પ.વ.ડી. જાવક નં-૧૨૧૫/૨૦૧૬-૧૭, તા.૨૬-૧૦-૨૦૧૬ થી વર્કઓર્ડર આપવામાં આવેલ છે. સદરહુ એજન્સીની મંજુર થયેલ ટેન્ડર મુજબ સ્થળ સ્પેશીફીકેશન મુજબ સ્થળ સ્થિતિને ધ્યાને લેતા ચીફ઼ ઓફિસરશ્રી તેમજ નિમણૂક પામેલ કન્સલટન્ટ તેમજ થર્ડપાર્ટી એજન્સી જોડે વિસ્તૃત ચર્ચા કરતાં મંજુર થયેલ ટેન્ડર કરતાં સ્થળ ઉપર કામમાં જથ્થાનો વધારો થવા જાય એમ છે. થયેલ ચર્ચામાં વિગતવાર જેવા કે ફીલીંગ , સ્ટેપ ગાર્ડન, વોક-વે કંમ્પાઉન્ડ, પંપરૂમ, વોચમેન કેબીનનું બ્રીક વર્ક , પાઈલીંગ, આર.સી.સી. બીમ , પ્લાન્ટ, લોન, પેવરબ્લોક,વિગેરે કામગીરી અંગેની એસ્ટીમેઈટની રકમ રૂા.૬૪,૫૫,૯૫૬/- પુરાનો આવેલ છે. સદરહુ આવેલ એસ્ટીમેઈટમાં નિમણૂક પામેલ કન્સલટન્ટ અને થર્ડપાર્ટી ઈન્સ્પેકશનના જથ્થા વધારાની ભલામણ આવેલ છે. સદરહુ કામની નગરપાલિકા દ્વારા મળેલ તાંત્રિક મંજુરીની રકમની મર્યાદામાં સદરહુ કામગીરી થઈ શકે એમ છે. તે અંગે ચર્ચા વિચારણા અંતે સદરહુ કામે આવેલ વધારાનો ખર્ચ મંજુર કરી ચૂકવણૂ કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

બ.મ.મંજુર.

કામ નં-૧૬

વિષય : તા.૧૯-૦૪-૨૦૨૧ ની કારોબારી સમિતિ તથા વો.વ.ક.ઠ.નં.૦૭/તા.૦૬-૦૪-૨૦૨૧ ની ભલામણ મુજબ નગરપાલિકા હદ વિસ્તારમાં સુકી તલાવડી ખાતે અંદર ગ્રાઉન્ડ સંપ , ઓવરહેડ ટાંકી , પંપ હાઉસ ,વિગેરે બનાવવાના કામ અંગે જરૂરી નિર્ણય થવા બાબત.

દ.મુ. છાયાબેન પટેલ

ટે.આ. ઉર્મિબેન આશિષકુમાર દેસાઇ

ઠરાવ :-

કા.સ.ઠ.નં-પપ/તા.૧૯-૦૪-૨૦૨૧ તથા વો.વ.ક.ઠ.નં-૦૭/તા.૦૬-૦૪-૨૦૨૧ ની ભલામણ મુજબ , વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં મોગરાવાડી ઝોન વિસ્તારમાં આવેલ વિસ્તારોમાં પીવાનું પાણી ઓછા પ્રેશરે મળે છે. જે અંગેની રજૂઆતો સદર વોર્ડના સભ્યશ્રીઓ તરફથી કરેલ છે. સદર વિસ્તાર હાલે ઝડપી ડેવલપ થઈ રહેલ છે. સદર વિસ્તારોમાં ઘણા એપાર્ટમેન્ટો આવેલ છે અને નવા એપાર્ટમેન્ટો બનતા જાય છે. જેથી ભવિષ્યનું પણ આયોજન કરવાની જરૂર જણાય છે. જેથી નીચે જણાવ્યા મુજબ મોગરાવાડી સુકી તલાવડી ખાતે નવો અંદર ગ્રાઉન્ડ સંપ, ઓવર હેડ ટાંકી, પંપ હાઉસ તેમજ તે માટેની મશીનરી અને રાઈઝીંગ મેઈન પાણીની પાઈપ લાઇન નાખવાની જરૂરીયાત જણાતા સદર કામ માટે ક્રિષ્ના કન્સલટન્ટશ્રી , આણંદ તરફથી સર્વે કરી સદર કામ અંગે AS PER BOARD SOR 2019-20, AS PER GWSSB SOR 2019-20, AS PER R&B SOR 2015-16 મુજબ, નીચે જણાવ્યા મુજબના કામોનો એસ્ટીમેઈટ રૂા.૨ ,૩૪,૦૦,૭૦૦/- નો રજુ કરેલ છે. સદર કામગીરી નામદાર સરકારશ્રીની યોજનામાં ગ્રાન્ટ હેઠળ સમાવેશ કરી , જરૂરી દરખાસ્ત તૈયાર કરી , નામદાર સરકારશ્રીમાં સાદર કરવાનું ઠરાવવામાં આવે છે.

AUGMENTATION OF WATER SUPPLY SCHEME FOR SUKI TALAVDI AT VALSAD

GENERAL SUMMARY

| SR. NO. | DESCRIPTION | | TOTAL AMOUNT RS |
|---|---|---|---|
| 1 | 9.0 Lac litter proposed UG sump at suki talavdi | Rs. | 3071000.00 |
| 2 | 4.5 Lac litter proposed RCC esr 18.00 Mt. Height at suki talavdi | Rs. | 5522200.00 |
| 3 | Proposed Rising main from valia UGS to proposed UGS at suki talavdi, 300 MM Dia DIK-20-9 pipe 00.00 Rmt. | Rs. | 9414200.00 |
| 4 | Proposed rising main from proposed UGS to proposed ESR at suki talavdi, 350 MM Dia DIK-9 pipe 100.00 Rmt. | Rs. | 520400.00 |
| 5 | Proposed pump house 7.50 × 4.50 at suki talavdi | Rs. | 782600.00 |
| 6 | Proposed submerged centrifugal pumping machinery at valia UGS to suki talavdi UGs.6300 LPM, 20 mt. Head 40.00 HP (2 set) | Rs. | 1346700.00 |
| 7 | Proposed submerged Centrifugal pumping machinery at suki talavdi UGS to ESR at suki talavdi, 5400 LPM, 40 mt. Head 70.00 HP (2 set) | Rs. | 2062000.00 |
| | TOTAL RS. | | 22719100.00 |
| | Add 3% Contengencies Charges | | 681573.00 |
| | TOTAL RS. | | 23400673.00 |
| | SAY RS. | | 23400700.00 |

સ.મ.મંજુર.

કામ નં-૧૭

વિષય : તા.૧૯-૦૪-૨૦૨૧ ની કારોબારી સમિતિ તથા વો.વ.ક.ઠ.નં.૦૮/તા.૦૬-૦૪-૨૦૨૧ ની ભલામણ મુજબ જિલ્લા પંચાયત, તિથલ રોડ ખાતે બનાવવામાં આવેલ નવી ઓવર હેડ પીવાના પાણીની ટાંકી માથી ગાયત્રી નગર, રીનાપાર્ક, આહિરવાડ તેમજ શાંતિનગર ,વિગેરે વિસ્તાર માટે પીવાના પાણીની ડીસ્ટ્રીબ્યુશન લાઇનનો ડી.પી.આર.માં સમાવેશ કરી મંજૂર કરવા બાબત.

દ.મુ. છાયાબેન પટેલ

ટે.આ. પંકજભાઈ આહિર

ઠરાવ :-

કા.સ.ઠ.નં-૫૬/તા.૧૯-૦૪-૨૦૨૧ તથા વો.વ.ક.ઠ.નં-૦૮/તા.૦૬-૦૪-૨૦૨૧ ની ભલામણ મુજબ , વલસાડ નગરપાલિકા હદ વિસ્તાર તિથલ રોડ ઉપર આવેલ વિસ્તારોમાં પીવાના પાણી પુરતા પ્રમાણમાં અને પુરતા પ્રેસરે મળતું ન હોવાથી સદર વિસ્તારોમાં પુરતા પ્રમાણમાં પાણી પહોચાડવા માટે નામદાર સરકારશ્રીની અમૃત યોજના હેઠળ તિથલ રોડ ઉપર ઓવરહેડ ટાંકીનું આયોજન કરેલ છે. સદર ટાંકીનું બાંધકામ પુર્ણ થવાને આરે છે. સદર ટાંકીને કાર્યરત કરવા નીચે જણાવ્યા મુજબ સદર ટાંકીના બાજુમાં અંદર ગ્રાઉન્ડ સંપ , પંપ હાઉસ , સંપથી ટાંકીની રાઈઝીંગ મેઇન પાઇપ લાઈન , પંપીંગ મશીનરી કંમ્પાઉન્ડ વોલ તેમજ સદર વિસ્તારમાં ગાયત્રી સોસાયટી , લોહાણા સમાજથી સરદાર નગર , બાપુનગર સોસાયટી , કુસુમ વિદ્યાલયના નાકા સુધી , રીના પાર્ક , આહિરવાડ, આહિરવાડ મંદિર પાસે વાલ્વથી નગરપાલિકા હદ સુધી પીવાના પાણીની ડીસ્ટ્રીબ્યુશન પાઇપ લાઇન ,વિગેરેના કામો કરવાની જરૂરીયાત હોય, સદર કામ નામદાર સરકારશ્રીની "નલ સે જલ" યોજના હેઠળ કરવા માટે ક્રિષ્ના કન્સ્લટન્ટ ,આણંદ તરફથી સર્વે કરી વસ્તીના ડેટા મેળવી સદર કામનો ડી.પી.આર. બનાવી તે અંગેનો એસ્ટીમેઈટ રૂ.૧,૫૨,૧૦,૬૦૦/- રજૂ કરેલ છે. સદર એસ્ટીમેઇટ મંજૂર કરી જેની મંજૂરી સરકારશ્રી માથી મેળવવા અંગેની દરખાસ્ત કરવાનું મંજૂર કરવાનું ઠરાવવામાં આવે છે.

AUGMENTATION OF WATER SCHEME OF TITHAL ROAD WATER SUPPLY

GENERAL SUMMARY

| SR. NO. | DESCRIPTION | | TOTAL AMOUNT RS |
|---|---|---|---|
| 1 | Proposed RCC UG sump 10.00 Lac litter capacity at esisting water works near tithal road | Rs. | 3046000.00 |
| 2 | Proposed pumping machinery at UG sump at tithal road WW to Proposed ESR at tithal road WW Discharging 2300 LPM against 30.00 m duty head 25 HP 2 sets (1 working - 1 standby) | Rs. | 1642400.00 |
| 3 | Proposed 250 mm Dia DIK-7 Rising main from proposed UG sump to proposed ESR at tithal road water works 50, Mtr.Length | Rs. | 181900.00 |
| 4 | Distribution system tithal road water works | Rs. | 7722000.00 |
| 5 | Pump room at tithal road 7.50 × 4.60 Mt. | Rs. | 766300.00 |
| 6 | Compound wall - 150.00 Rmt. | Rs. | 1408900.00 |
| | TOTAL RS. | | 14767500.00 |
| | Add 3% Contengencies Charges | | 443025.00 |
| | TOTAL RS. | | 15210525.00 |
| | SAY RS. | | 15210600.00 |

સ.મ.મંજુર..

કામ નં-૧૮

વિષય : તા.૧૯-૦૪-૨૦૨૧ ની કારોબારી સમિતિની ભલામણ મુજબ નલ સે જલ યોજના હેઠળ જુદા-જુદા દૈનિક પેપરમાં આપેલ જાહેરાતના આવેલ બીલનું ચૂકવણું કરવા જરૂરી નિર્ણય થવા બાબત.

દ.મુ. છાયાબેન પટેલ

ટે.આ. કિરણભાઈ ભંડારી

ઠરાવ :-

કા.સ.ઠ.નં-૫૮/તા.૧૯-૦૪-૨૦૨૧ ની ભલામણ મુજબ , નામદાર સરકારશ્રીની "નલ સે જલ" અંગે દૈનિક પેપરોમાં જાહેરાત પ્રસિધ્ધ કરી , શહેરીજનોને સદર યોજના પાણીની સુવિધા/સેવા મળે એવા ઉમદા હેતુથી શહેરીજનોને સંદેશો પાઠવવા સબંધે દૈનિક પેપરોમાં બહોળી પ્રસિધ્ધ કરવા સ્થાનિક મુખ્ય દૈનિક પેપરો, સ્થાનિક મુખ્ય સાપ્તાહિક પેપરો તથા અન્ય સ્થાનિક ચેનલો/પ્રાક્ષિકો/સાપ્તાહિકો પેપરોમાં જાહેરાત પ્રસિધ્ધ કરવામાં આવેલ હતી. સદર દૈનિક પેપરોમાં પ્રસિધ્ધ થયેલ "નલ સે જલ" યોજના અંગેની જાહેરાતના જુદી-જુદી એજન્સીઓના આવેલ બીલો અંગે જરૂરી ચર્ચા કરતાં મુખ્ય દૈનિક પેપરમાં જેવા કે , ગુજરાત સમાચાર , ગુજરાતમિત્ર , સંદેશ , દિવ્ય ભાસ્કર,વિગેરેને રૂા.૧૦,૦૦૦/- સ્થાનિક સાપ્તાહિક-પ્રાક્ષિક,વિ.ને રૂા.૫૦૦૦/- તેમજ અન્ય દૈનિક પેપર-સામાયિક-ચેનલ વિ.ને રૂા.૩૦૦૦/- ની મર્યાદામાં ચુકવવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજૂર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર.

કામ નં-૧૯

વિષય : વહીવટી શાખામાં રેકોર્ડ મુકવા માટે કબાટ/ફર્નિચર બનાવવાની જરૂર હોય, નગરપાલિકાના બાંધકામ શાખાના મંજુર થયેલ ભાવોથી કામગીરી કરાવવા બાબત.

દ.મુ. છાયાબેન પટેલ

ટે.આ. કિરણભાઈ ભંડારી

ઠરાવ :-

વલસાડ નગરપાલિકાના વહીવટી શાખામાં રેકર્ડ મુકવા માટે કબાટ/ફર્નિચર બનાવવાની જરૂર છે. જેમ કે હાલે કાર્યરત એવા સામાન્ય સભા , કારોબારી સમિતિ , અગત્યના દસ્તાવેજી રેકોર્ડ , ઓફિસ ફાઈલો ,વિગેરે અત્રેની શાખામાં મુકવા માટે કોઈ જ વ્યવસ્થા નથી. જેથી સદર રેકર્ડને જાળવણી કરવી અતિ અગત્યની છે. જેથી હાલે નગરપાલિકાના બાંધકામ શાખામાં કામગીરી કરાવવામાં આવેલ છે. સદરહુ એજન્સી પાસે કરાવેલ કામો મુજબ વહીવટી શાખામાં પણ ઉપયોગમાં લેવાય તે રીતે ફાઈલો મુકવા માટે કબાટના રેક માલ-સામાન , મજૂરી સહિતની કામગીરી કરાવવાની થાય છે. ઉપરોક્ત બાંધકામ શાખામાં કરાવેલ કામગીરી મુજબ વહીવટી શાખામાં રેકર્ડ મુકવા માટે કબાટ/ફર્નિચર બનાવવા અંગે જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

વધુમાં નગરપાલિકાના દરેક શાખાઓમાં અગત્યના એવા રેકર્ડને કાયમી ધોરણે જાળવણી/નિભાવવાના થાય છે. તે માટે રેકર્ડ શાખા પણ અધ્યતન અને વ્યવસ્થિત રીતે રેકર્ડ સચવાય તે માટે રેકર્ડ શાખામાં જરૂરી ફર્નિચર તથા ચીજ-વસ્તુઓ ખરીદવા અંગેની કામગીરી બાંધકામ શાખા મારફત ટેન્ડરીંગ કરી આગામી કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

સભ્યશ્રી, નિતેશભાઈ વશી જણાવ્યુ કે વલસાડ નગરપાલિકા વિસ્તારમાં આવેલ રામવાડીથી લોટસ હોસ્પિટલ તરફ જતો રસ્તો T.P સ્કીમમાં ૪૦ ફૂટ નો રસ્તો મંજૂર કરવામાં આવેલ હતો. જે પૈકી ૪૫૦ ચોરસ મીટર જમીનના મૂળ માલિક રમેશચંદ્ર દેસાઈ પાસે જે તે સમયે નગરપાલિકામાં સામાન્ય સભામાં ઠરાવ કરી ૧૫૦ રૂપિયા પ્રતિ ચોરસ મીટર લેખે ૪૧૫ ચોરસ મીટરના રૂપિયા ૬૨ ,૨૫૦/- વળતર ચુકવવામાં આવેલ છે જે જમીન મુળ માલિક દ્વારા શ્રી પ્રવીણભાઈ ચરલા રહેવાસી રામવાડી ને શ્રી રમેશચંદ્ર દ્વારા નગરપાલિકાની જાણ બહાર વેચાણ દસ્તાવેજ દ્વારા વેચી દેવામાં આવેલ છે. હાલમાં સરકારી રેકોર્ડે પણ નગરપાલિકાની જગ્યાએ શ્રી પ્રવીણભાઈ ચરલાનું નામ ચાલી આવે છે . જે તે જમીન નગરપાલિકાને વેચાણ કરી તેમજ વળતર મેળવેલ હોય , તેમ છતાં પણ શ્રી પ્રવીણભાઈ ચરલા ત્રાહિત વ્યકિતને ગેરકાયદેસર રીતે વેચાણ કરેલ હોય શ્રી પ્રવીણભાઈ ચરલા અને શ્રી રમેશચંદ્રના વાલી વારસોને ગેરકાયદેસર વેચાણ અંગે નોટીશ આપવી અને ઉપરોક્ત જમીનનો નગરપાલિકા દ્વારા કબજો મેળવી લેન્ડ રેકોર્ડ ઓફિસ/ D.L.R ઓફિસમાં નગરપાલિકાના નામે કરવાની કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવે અને આગામી સામાન્ય સભામાં ઉપરોક્ત કરેલ કાર્યવાહી બાબતનો રીપોટ રજુ કરવાનું જણાવ્યું.

સભ્યશ્રી સોનલબેન સોલંકી એ જણાવ્યું કે ઉપરોક્ત રસ્તા બાબતે જરૂરી કાર્યવાહી હાથ ધરવામાં આવે અને રામવાડી વિસ્તારનો સદર રસ્તો ખુલ્લો કરવામાં આવે તો જાહેર જનતાને બહુ મોટો લાભ થઈ શકે.

જ.બો.ઠ.નં. – ૨૦ /તા.૨૯-૦૬-૨૦૨૧..

કામ નં-૨૦

વિષય : જ.બો.તા.૦૯/૧૧/૨૦૨૦ ના રોજ નગરપાલિકાના શોપિંગ મોલના મુલતવી રાખેલ કામ અંગે જરૂરી નિર્ણય થવા બાબત .

દ.મુ. છાયાબેન પટેલ

ટે.આ. કિરણભાઈ ભંડારી

સભ્યશ્રી સોનલબેન પટેલ અને ઉર્વશીબેન પટેલએ સદર કામમાં પોતાનો વાંધો નોંધાવ્યો.

ઠરાવ :-

વલસાડ નગરપાલિકા કચેરીના પાછળના ભાગે આવેલ ટી.પી.સ્કીમ નં-૧ ,આખરીખંડ નં-૧૧૮/૨ વાળી જગ્યામાં લીંક રોડ ઉપર શોપીંગ મોલ (ગ્રાઉન્ડ ફ્લોર + ત્રણમાળ) બનાવવામાં આવેલ છે. સદરહુ શોપીંગ મોલની હરાજી કરવા માટે નામદાર સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ ઠરાવ ક્રમાંક : નપલ/૪૫૧૬/૫૨૭૯/મ સચિવાલય,ગાંધીનગરના તા.૦૫-૦૬-૨૦૧૭ થી ઈ-ઓક્શન અંગે મળેલ મંજૂરી મળેલ છે. જે અન્વયે મે.કલેકટરશ્રી ,વલસાડના પત્રક્રમાંક નં-એસીબી/એમયુએન/વશી/૧૫૧૭/તા.૨૯-૦૭-૨૦૧૭ થી જાહેર હરાજીની (ઈ-ઓક્શન) ભાડા પટ્ટા આપવા બાબતે ઈ-ઓક્શન કરવા બાબતે સક્ષમ અધિકારી તરીકે મે.પ્રાંત અધિકારીશ્રી,વલસાડને નિમણૂક આપવામાં આવેલ છે.

સદરહુ શોપીંગ મોલના પ્રથમ પ્રયત્ને ઈ-ઓક્શન માટે નાયબ માહિતી ખાતા મારફતે બહોળી પ્રસિધ્ધિ ધરાવતા દૈનિક પેપરોમાં જાહેરાત આપી તા.૧૮/૦૯/૨૦૧૭ના રોજ ઈ -ઓક્શનની કાર્યવાહી હાથ ધરેલ જેમાં ગ્રાઉન્ડ ફ્લોર પાર્ટ-એ ની નક્કી થયેલ અપસેટ કિંમત રૂ.૩ ,૪૬,૧૪,૦૦૦/- રકમ આવેલ જેમાં ક્વોલિફાઈડ થયેલ બે બિડર્સ પૈકી શ્રી પ્રવિણભાઈ રામજીભાઈ જોઈસર , વલસાડે નિયત કરેલ અપસેટ કિંમતથી રૂ ।.૩,૫૧,૧૪,૦૦૦/- પુરાથી બીડ કરેલ છે.

| ફ્લોરની વિગત | ઈ-ઓક્શનની તારીખ | ઈ-ઓક્શનનો સમય | ફ્લોરનું ક્ષેત્રફળ (ચો.મી.) | નક્કી કરેલ અપસેટની કિંમત | હાઈબિડર્સ દ્વારા ભરેલ ભાવની રકમ |
|---|---|---|---|---|---|
| ગ્રાઉન્ડફ્લોર વિંગ એ-૧ | ૧૮-૦૯-૨૦૧૭ | ૧૨:૦૦ થી ૧:૦૦ | ૩૪૬.૧૪ | ૩૪૬૧૪૦૦૦/- | ૩૫૧૧૪૦૦૦/- |

જે ફાઈનલ બીડ જ.બો.ઠ.નં-૪૮૪/તા.૨૭-૦૪-૨૦૧૮ થી મંજૂર કરવામાં આવેલ છે. જે અન્વયે સદરહુ બિડર્સ શ્રી પ્રવિણભાઈ રામજીભાઈ જોઈસર દ્વારા નગરપાલિકામાં સદરહુ મંજૂર થયેલ બીડ મુજબ નીચે જણાવ્યા મુજબ તબક્કાવાર નગરપાલિકામાં નાણાં જમા કરાવેલ છે.

| અ.નં. | તારીખ | રકમ રૂપિયા |
|---|---|---|
| ૧ | ૧૮-૧૦-૨૦૧૭ | ૨૦,૦૦,૦૦૦/- |
| ૨ | ૩૧-૦૧-૨૦૧૮ | ૧૦,૦૦,૦૦૦/- |
| ૩ | ૨૭-૦૭-૨૦૧૮ | ૨૦,૦૦,૦૦૦/- |
| ૪ | ૨૭-૦૭-૨૦૧૮ | ૧૫,૦૦,૦૦૦/- |
| ૫ | ૨૭-૦૭-૨૦૧૮ | ૧૫,૦૦,૦૦૦/- |
| ૬ | ૦૩-૦૮-૨૦૧૮ | ૧૫,૦૦,૦૦૦/- |
| ૭ | ૦૩-૦૮-૨૦૧૮ | ૨૦,૦૦,૦૦૦/- |
| ૮ | ૧૦-૦૮-૨૦૧૮ | ૧૫,૦૦,૦૦૦/- |
| ૯ | ૨૪-૦૮-૨૦૧૮ | ૨૫,૦૦,૦૦૦/- |
| ૧૦ | ૦૩-૧૧-૨૦૧૮ | ૨૫,૦૦,૦૦૦/- |
| ૧૧ | ૧૧-૧૨-૨૦૧૮ | ૨૫,૦૦,૦૦૦/- |

ઉપરોક્ત સદરહુ બિડર્સ દ્વારા નગરપાલિકામાં તબક્કવાર નાણાં જમા કરાવી એમ મળી કુલ રૂા.૨,૦૫,૦૦,૦૦૦/- જમા કરાવેલ છે.

સદરહુ શોપીંગ મોલના ચોથા પ્રયત્ને ઇ-ઓક્શન માટે નાયબ માહિતી ખાતા મારફતે બહોળી પ્રસિધ્ધિ ધરાવતા દૈનિક પેપરોમાં જાહેરાત આપી તા.૦૩-૦૫-૨૦૧૮ તેમજ તા.૦૪-૦૫-૨૦૧૮ એમ બે દિવસે નિયત સમયે ઇ-ઓક્શન રાખવામા આવેલ, જેમાં બિડર્સશ્રી ભરતકુમાર એ.ઓડેદરા,વલસાડ દ્વારા ફાયનલ બીડ કરતાં તે અંગેને પરીસ્થિતિ નીચે મુજબ છે

| ફ્લોરની વિગત | ઇ-ઓક્શનની તારીખ | ઇ-ઓક્શનનો સમય | ફ્લોરનું ક્ષેત્રફળ (ચો.મી.) | નક્કી કરેલ અપસેટની કિંમત | હાઇબિડર્સ દ્વારા ભરેલ ભાવની રકમ | મંજુર કરેલ કારોબારી ઠરાવ નં/તારીખ |
|---|---|---|---|---|---|---|
| ગ્રાઉન્ડફ્લોર વિંગ બી-૧ | ૦૩-૦૫-૨૦૧૮ | ૧૨:૦૦ થી ૨:૦૦ | ૩૪૬.૧૪ | ૩૪૬૧૪૦૦૦/- | ૩૬૬૧૪૦૦૦/- | ૧૧૦ ૦૬-૦૭-૨૦૧૮ |
| પ્રથમમાળે વિંગ એ-૧ | ૦૩-૦૫-૨૦૧૮ | ૨:૦૦ થી ૪:૦૦ | ૩૧૫.૨૬ | ૧૮૯૧૫૬૦૦/- | ૧૯૯૧૫૬૦૦/- | ૧૦૨ ૦૬-૦૭-૨૦૧૮ |
| ત્રીજામાળે વિંગ એ-૧ | ૦૪-૦૫-૨૦૧૮ | ૨:૦૦ થી ૪:૦૦ | ૩૧૫.૨૬ | ૧૧૦૩૪૧૦૦/- | ૧૨૦૩૪૧૦૦/- | ૧૦૧ ૦૬-૦૭-૨૦૧૮ |

ઉપરોકત બિડર્સશ્રી ભરતભાઈ એ. ઓડેદરા ,વલસાડને ગ્રાઉન્ડ ફ્લોર વીંગ-બી-૧ , પ્રથમ માળ વીંગ -એ-૧ તેમજ ત્રીજા માળે વીંગ -એ-૧ ફાઇનલ બીડ ઉપર મુજબ મંજુર કરવામાં આવેલ છે. જે અન્વયે સદરહુ બિડર્સ દ્રારા ત્રીજા માળે વીંગ-એ-૧ ના મંજૂર થયેલ ફાયનલ બીડ મુજબ પ્રથમ તબક્કાના રૂા.૪૮ ,૧૩,૬૪૦/- (૪૦%) પૈકી રૂા.૭,૫૦,૦૦૦/- પુરા તા.૦૩-૦૭-૨૦૧૮ ના રોજ નગરપાલિકામાં જમા કરાવવામાં આવેલ છે.

સદરહુ બાબતે પુખ્ત ચર્ચા કરવામાં આવતા વલસાડ નગરપાલિકાના શોપીંગ મોલ કે જે વલસાડ શહેરની મધ્યમાં બનાવવામાં આવેલ છે. અને સદરહુ મોલ આજદિન સુધી કાર્યરત થઈ શકેલ નથી. અને હાલની પરિસ્થિતીને ધ્યાને લેતા સદરહુ મોલમાં વિંગ-એ અને વિંગ-બી મળી જગ્યા મોટી હોય , જેના કારણે કોઈ બિડર્સ ઓક્શનમાં ભાગ લઈ શકતા નથી. અને વલસાડ નગરપાલિકા કચેરીએ અવાર-નવાર વલસાડ શહેરના તેમજ અન્ય શહેરના વેપારીઓ / ઇસમો સદરહુ મોલમાં જે તે વિંગમાં નાના-નાના યુનિટો બનાવવાનું આયોજન કરવા અંગેની રજૂઆતો આવેલ છે. જે બાબતે નગરપાલિકા દ્વારા સદરહુ મોલના મુળ માળખામાં ફેરબદલી અંગે જરૂરી ચર્ચા વિચારણા કરતાં સમગ્રસભા ઠરાવ નં-૮૦૯/તા.૦૯-૧૧-૨૦૨૦ થી સદરહુ મોલ જલ્દીથી કાર્યરત થાય તે માટે નગરપાલિકાના પેનલના એડવોકેટ પાસેથી સદરહુ મોલમાં નાના-નાના યુનિટો તેમજ અગાઉના સમયમાં મંજુર થયેલ બિડર્સો અંગે જરૂરી અભિપ્રાય મંગાવવામાં આવતા એડવોકેટશ્રી મુકેશ જે.પાંચાલ ,વલસાડના તા.૧૫-૦૪-૨૦૨૧ ના રોજનો અભિપ્રાય તેમજ એડવોકેટશ્રી વિપુલ એસ.કાપડીયા ,વલસાડના તા.૦૭-૦૪-૨૦૨૧ ના રોજનો આવેલ અભિપ્રાય આજરોજની સમગ્રસભામાં વંચાણે લેવામાં આવ્યો.

ઉપરોક્ત હકીકત અન્વયે આજરોજની સભામાં ચર્ચા-વિચારણા અંતે ઠરાવવામાં આવ્યું કે , ગ્રાઉન્ડફ્લોર એ-૧ ના બિડર્સશ્રી શ્રી પ્રવિણભાઈ રામજીભાઈ જોઇસર , વલસાડને તેમની બાકી રહેતી રકમ દિન-૪૫ માં નગરપાલિકા કચેરીએ જમા કરાવવા અંગેની લેખિત જાણ કરતો પત્રવ્યવહાર કરવા તેમજ ગ્રાઉન્ડફ્લોર વિંગ બી-૧ , પ્રથમમાળે વિંગ એ-૧ અને ત્રીજામાળે વિંગ એ-૧ ના બિડર્સશ્રી ભરતકુમાર એ.ઓડેદરા ,વલસાડ દ્વારા સદરહુ મંજુર થયેલ બીડ અન્વયે રૂા.૭ ,૫૦,૦૦૦/- જમા કરાવેલ છે. સદરહુ રકમ ખુબજ નહિવત હોય , જેથી બિડર્સશ્રી ભરતભાઈ એ. ઓડેદરા,વલસાડના મંજુર કરવામાં આવેલ ત્રણેય વીંગોની ઓક્શન સાથે જમા થયેલ ડીપોઝીટ જપ્ત કરવાનું ઠરાવવામાં આવે છે. તેમજ આજની સભામાં રજૂ થયેલ નકશામાં જણાવ્યા મુજબ શોપીંગ મોલના ઓક્શન થયેલ તેમજ ઓક્શન કરવામાં આવનાર વીંગોના મુળ માળખામાં આંતરિક ફેરફાર (નાના યુનિટો) બનાવીને ઓક્શન કરવા અંગે નામદાર સરકારશ્રીમાં નવેસરથી બાકી રહેતી વીંગોના ઓક્શન માટે જરૂરી આગામી કાર્યવાહી હાથ ધરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

બ.મ.મંજુર.

કામ નં-૨૧

વિષય : તા.૧૯-૦૪-૨૦૨૧ ની કારોબારી સમિતિની ભલામણ મુજબ, મોરારજી દેસાઇ શાકભાજી માર્કેટના નામે ઓળખાતી ઈમારત (૧૨૦ આવાસ) જર્જરિત હોય , જે બાબતે જરૂરી નિર્ણય થવા બાબત.

દ.મુ. છાયાબેન પટેલ
ટે.આ. કિરણભાઈ ભંડારી

ઠરાવ :-

કા.સ.ઠ.નં-૦૮/તા.૧૯-૦૪-૨૦૨૧ ની ભલામણ મુજબ , વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ જર્જરિત ઈમારતો ગુજરાત મ્યુનિસિપલ એક્ટ-૧૯૬૩ ની કલમ-૧૮૨ (૧)(૨) ની જોગવાઈઓ અનુસાર જુના/બિસ્માર/જર્જરિત અથવા અન્ય કોઈ કારણસર ક્ષતિગ્રસ્ત થયેલ મિલકતો બેસી જવા તુટી પડવાના અકસ્માતો ન બને તે માટે નગરપાલિકા દ્વારા તા.૧૫-૦૫-૨૦૨૦ ના રોજ દૈનિક પેપર 'ગુજરાત સમાચાર" માં જરૂરી જાહેર નોટીસ આપીને સદરહુ મિલકતોના માલિકો , કબજેદારો, ભોગવટો ધરાવતા વ્યક્તિઓને સદરહુ નોટીસ પ્રસિધ્ધ કરેલ છે.

ઉપરોક્ત બાબતે વલસાડ નગરપાલિકા હદમાં મોરારજી દેસાઈના શાકભાજી માર્કેટના નામે ઓળખાતી ઈમારત (૧૨૦ આવાસ) આવેલ છે. સદરહુ ઈમારત ગ્રાઉન્ડફ્લોર + બેમાળની આવેલી છે. સદરહુ ઈમારતમાં ગ્રાઉન્ડફ્લોર ઉપર આવેલ શોપીંગ સેન્ટરમાં (બહારના ભાગે) ૬૦ જેટલી દુકાનો તેમજ અંદરના ભાગે શાકભાજી માર્કેટમાં ૫૨ (બાવન) જેટલી દુકાનો આવેલ છે અને પ્રથમમાળે કુલ-૬૦ જેટલા રહેઠાણો અને દાદરના સામેના ભાગે ૦૪ જેટલા ખૂણા આવેલા છે અને તેમજ બીજામાળે કુલ-૬૦ જેટલા રહેઠાણો અને દાદરના સામેના ભાગે ૦૪ જેટલા ખૂણા આવેલા છે.

સદરહુ ઈમારત જૂની/બિસ્માર/જર્જરિત હોય , સદરહુ આવાસના રહીશો / માલિકો / કબજેદારશ્રીઓને નગરપાલિકા દ્વારા અવાર-નવાર જર્જરિત મિલકતનો ભાગ ઉતારી દેવા/રીપેરીંગ કરવા/ઈમારતને ભયમુક્ત કરવા અંગે નોટીસો આપવામાં આવેલ છે. નગરપાલિકા દ્વારા સદરહુ ઈમારતની સ્ટ્રકચર સ્ટેબીલીટીની ચકાસણી કરવા માટે વલસાડના સ્થાનિક રજીસ્ટર્ડ સ્ટ્રકચર કન્સલટન્ટશ્રી અંકિત ઠક્કર પાસેથી તા.૧૬-૦૬-૨૦૨૦ ના રીપોર્ટ મેળવેલ છે. સદરહુ રીપોર્ટમાં જણાવ્યા અનુસાર "From the results of the non-destructive test (rebound hammer and ultrasonic concrete test) if would strictly advisable that the existng above said building is to be demolished and to do the new construction with new foundation, columns, and other RCC elements pertaining to present is codes method. at any time during monsoon there may be fall of parts of RCC elements" ઉક્ત રીપોર્ટ મુજબ સદરહુ ઈમારત રહેવા યોગ્ય જણાતી નથી અને સદરહુ ઈમારત જાહેરહિતમાં જમીનદોસ્ત કરવાની જરૂરી જણાય છે. તેમ સ્પષ્ટ જણાવેલ છે.

વિશેષમાં તા.૧૧-૧૨-૨૦૨૦ ના રોજ સાંજના સમયે કમોસમી વરસાદ પડવાથી સદરહુ ઈમારતની વખારીયા હોલની સામેના ભાગે આવેલ પ્રથમમાળની પેરાપેટ વોલ આકસ્મિક રીતે તુટી પડેલ હતી. જેને વલસાડ નગરપાલિકા દ્વારા તા.૧૨-૧૨-૨૦૨૦ ના રોજ સદરહુ પેરાપેટ વોલ તોડી તેની જગ્યાએ એલ્યુમીનીયમ સેક્શનની ચેનલ ફીટીંગ કરવામાં આવેલ છે.

વિશેષમાં નગરપાલિકાની ટીમ દ્વારા તા.૧૨-૧૨-૨૦૨૦ ના રોજ સર્વે કરતાં સદરહુ ઈમારતના રહીશોની વિગત નીચે મુજબ છે. તેમજ સદરહુ ઈમારતના પ્રથમ અને બીજામાળે ૧૯ જેટલા રહેણાંક હેતુસરના મકાનોમાં ગોડાઉન, સીવણકામ,વિગેરે વાણિજ્ય હેતુસર વપરાશ કરતાં જણાય આવેલ છે.

| | ગ્રાઉન્ડફ્લોર | પ્રથમમાળ | બીજામાળ |
|---|---|---|---|
| દુકાનો (બહારના ભાગે) | ૬૦ | - | - |
| દુકાનો (અંદરના ભાગે) | ૫૨ | - | - |
| બંધ ઘરની સંખ્યા | - | ૨૬ | ૨૫ |
| ભાડુઆતના ઘરની સંખ્યા | - | ૧૧ | ૧૦ |
| વેચાણથી આપેલ ઘર | - | ૧૫ | ૨૨ |
| મુળ માલિકના ઘર | - | ૦૮ | ૦૩ |

| | | | |
|---|---|---|---|
| કુલ... | | ૬૦ | ૬૦ |

વધુમાં , નીચે જણાવેલ મુદ્દાઓને ધ્યાનમાં રાખી જરૂરી આગળની કાર્યવાહી કરવી.

(૧) સદરહુ બિલ્ડીંગમાં નગરપાલિકા દ્વારા ફાળવણી કરવામાં આવેલ આવાસો અને દુકાનોમાં ભાડુઆતોને નવા બિલ્ડીંગમાં તેટલીજ જગ્યા ફાળવવા બાબતે ભાડાવસુલાત શાખાના અધિકારી તેમજ તેમની ટીમ દ્વારા સ્થળ પર સર્વે કરી જે તે સમયે ફાળવવામાં આવેલ આવાસો , દુકાનોની શરતો/કરાર તેમજ હાલ સ્થળ પરના કબજેદારો/ મુળ માલિકો સાથે ચર્ચા વિચારણા કરી વિગતો મેળવી કબજાની કાયદેસરતા , વિગેરે બાબતોની ડીમોલેશન પહેલા સધન ચકાસણી કરી લેવાની રહેશે. અને નવા બિલ્ડીંગમાં ફાળવણી કરવા બાબતે વિગતવાર રીપોર્ટ કારોબારી સમિતિમાં નિર્ણય અર્થે રજુ કરવાનો રહેશે.

(૨) નવું બિલ્ડીંગ બનાવવા માટે કન્સલટન્ટશ્રીની નિમણૂંક કરવી.

(૩) સ્ટ્રકચરલ ઈજનેરશ્રીના રીપોર્ટ જોતાં સદરહુ બિલ્ડીંગ જર્જરિત અને જોખમી હોય અને રીપેરીંગ કરવા પાત્ર અને રહેણાંક/વ્યવસાય ધોરણે ઉપયોગમાં લેવાય તેમ નથી જેથી સદર ઈમારતને જમીન દોસ્ત કરવાની થાય છે. જેથી સદર જર્જરિત બિલ્ડીંગ કબજેદારોએ ખાલી કરવાની રહેશે અન્યથા જો તેમ કરવામાં ન આવે તો અને કોઈ દુર્ઘટના બને જાનમાલ ને નુકશાન થાય તો તેની જવાબદારી કબજેદારની રહેશે

(૪) સદરહુ બિલ્ડીંગમાં હાલના કાયદેસરના કબજેદારો , ભાડુઆતો પાસે બાંધકામ એરીયાની , બાંધકામની કિંમત વસુલ કરીને તેટલાજ એરીયાનું આવાસ / દુકાન ફાળવવામાં આવશે.

ઉપરોક્ત વિગતે સદરહુ કામે આગામી કાર્યવાહી હાથ ધરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કામ નં-૨૨

**વિષય : અધ્યક્ષ સ્થાનેથી રજૂ થતાં બીજા અન્ય વધારાના કામો.**

**ઠરાવ :– અધ્યક્ષ સ્થાનેથી કોઈ કામ રજૂ થયેલ નથી.**

સભાનું કામકાજ પુર્ણ થતાં પ્રમુખશ્રીએ સૌનો આભાર વ્યક્ત કરી જણાવ્યુ કે , હવે સભાનું કામકાજ પુર્ણ થાય છે, આપણે સૌ "જન ગણ મન" રાષ્ટ્રગીત થી સભાનું કામકાજ પુર્ણ કરીએ.....

"જન ગણ મન" રાષ્ટ્રગીત થી સભા પુર્ણ થઈ...

નગરપાલિકા કચેરી
વલસાડ.
તા. ૧૫-૦૭-૨૦૨૧.

(કિન્નરીબેન અમિષભાઈ પટેલ)
પ્રમુખ
વલસાડ નગરપાલિકા